આઠ માસ છતાં પરિણામ આવ્યું નથી

જીપીએસસીની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કરવા માગણી

અગાઉ વર્ગ-૩ની ૯૪૮ જગ્યાઓ માટે લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર થયું નથી છતાં નવી જગ્યાઓ માટે પરીક્ષા

અમદાવાદ, તા.૨૩

ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા સપ્ટે. ૨૦૧૧માં લેવાયેલી મુખ્ય પરીક્ષાનું પરિણામ હજુસુધી જાહેર ન થતા વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાઇ ગઇ છે. આશ્ચર્યની વાત એ છે કે પ્રથમ પરિણામ થયુ નથી અને હવે આ જ કેડરની અન્ય જગ્યાઓ માટે મુખ્ય પરીક્ષા લેવાઇ રહી છે. ગુજરાત જાહેર સેવા આયોગ ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા ડેપ્યુટી મામલતદાર, અને સેક્શન ઓફીસરની વર્ગ-૩ની ૯૪૮ જગ્યાઓ ભરવા માટે જૂન ૨૦૧૧માં પ્રિલીમ પરીક્ષા સેવાઇ હતી ત્યારબાદ સપ્ટે ૨૦૧૧માં હતીત્યારબાદ સપ્ટે ૨૦૧૧માં મુખ્ય પરીક્ષા લેવાઇ હતી. આ પરીક્ષામાં ૪૫૦૦ ઉમેવારો બેઠા હતા. આ પરીક્ષાને આશરે આઠ મહિના વિતી ગયા છતાં હજી સુધી આયોગ દ્વારા પરિણામ જાહેર કરાયુ નથી. સામાન્ય રીતે ૪ મહિનામાં જ પરિણામ જાહેર થઇ જતુ હોય છે.

આમા આશ્ચર્યની વાત એ છે કે આયોગ દ્વારા અગાઉની ૯૪૮ જગ્યાઓ માટેની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર થયુ નથી. ત્યાં વધુ ૨૫૬ જગ્યાઓ માટે નવે. ૨૦૧૧માં પ્રિલીમનરી અને હવે આગામી ૨૬ અને ૨૭મી મેના રોજ મુખ્ય પરીક્ષા લેવાવાની છે.નિયમ મુજબ અગાઉની ભરતી પ્રક્રિયા પુરીના થયા ત્યાં સુધી આયોગ દ્વારા નવી ભરતી માટે કઇ કાર્યવાહી થઇ શકે નહી તેમ છતાં આયોગે કાર્યવાહી કરી છે. બીજીબાજુ ઉમેદવારોએ ૯૪૮ જગ્યાઓ માટે લેવાયેલી મુખ્ય પરીક્ષાનું પરિણામ જલદી જાહેર કરવા આયોગના સેક્રેટરી અને જોઇન્ટ સેક્રેટરીને આવેદનપત્ર આપ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ આવેદનપત્ર આપ્યા બાદ ટ્રેક સમયમાં પરિણામ જાહેર થવાની વાત પોકળ સાબિત થઇ છે.

રાજ્યપાલશ્રી ડૉ.શ્રીમતી કમલાજીએ આજે અમદાવાદમાં ભારતીય રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા દ્વારા નવનિર્મિત વાત્સલ્ય વરિષ્ઠ નાગરિક ગૃહનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે રાજ્યપાલશ્રીએ આ વાત્સલ્ય સંકુલનું અને પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું.

ચોઈ ક્વોંગ ડો સંસ્થાની રાજ્ય કક્ષાની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી, જેમાં ગાંધીનગરની ટીમે ૧૬ મેડલ્સ પ્રાપ્ત કરીને નગરને ગૌરવ અપાવ્યું હતું.

આયોજન વગર સેમીસ્ટર સિસ્ટમ દાખલ કરાઈ

પરિણામ સમયસર છતાં પણ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા મોડી

સેમીસ્ટર સિસ્ટમને લીધે મોડું થયું : કુલપતિનો અભિપ્રાય

યુનિવર્સિટીના શૈક્ષણિક કેલેન્ડરમાં જ ખામી હતી : આચાર્ય

અમદાવાદ, તા.૨૩

ચાલુ વર્ષે ધો.૧૨ના પરિણામ ભલે સમયસર આવી ગયા હોય પરંતુ આ વખતે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. કુલપતિ કહે છે કે સેમીસ્ટર સિસ્ટમને કારણે પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. જ્યારે બીજીબાજુ આચાર્યો કહે છે કે યુનિવર્સિટીના આયોજનમાં ખામી છે.

બોર્ડ દ્વારા ધો-૧૨ના પરિણામ સમયસર જાહેર થાય તેવા તમામ પ્રયાસ કરાઇ રહ્યા છે. જેમાં સફળતા પણ સાંપડી છે પરંતુ ધો.૧૨ પછીના અભ્યાસક્રમો ચલાવતી ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની કોલેજોમાં ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. ગતવર્ષે મે માસમાં પ્રવેશ પ્રક્રિયા શરુ થઇ ગઇ હતી. આ વખતે તમામ પ્રવેશ પ્રક્રિયા જૂનમાં શરુ થશે. પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થવાની ઓછી ટકાવારીવાળા વિદ્યાર્થીઓ બહારની અથવા ડીમડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી લેશે. પરિણામે ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ બન્ને કોલેજોને ફટકો પડશે. આમા ખાનગી કોલેજોની હાલત વધુ કફોડી બનશે. આ અંગે કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે ચાલુવર્ષે સેમીસ્ટર પદ્ધતિને કારણે પ્રવેશ પ્રક્રિયા માડી શરુ થઇ રહી છે. આગામી વર્ષે પ્રવેશ પ્રક્રિયા સમયસર શરુ થઇ શકશે. બીજી બાજુ કોલેજના આયોજનમાં ખામી છે. સેમીસ્ટર સિસ્ટમ દાખલ કરવાથી પ્રવેશ પ્રક્રિયામાં મોડુ થવાનું કારણ ગૌણ છે. મુખ્ય કારણ યુનિવર્સિટીએ ગતવર્ષે આયોજન વગર શૈક્ષણિક કેલેન્ડર બનાવ્યું હતું. જેની અસર હાલની પ્રવેશ પ્રક્રિયા પર પડી છે.

નખશિખ નાટ્યકાર હસમુખ મેકવાન

શેક્સપિયરે કહ્યું છે કે જીવન એક રંગમંચ છે અને આપણે બધા તેનાં પાત્રો છીએ. આપણે આપણું પાત્ર ભજવીને ચાલ્યા જવાનું છે, એ પાત્ર પિતા, મિત્ર કે પતિ તરીકેનું પણ હોય, પરંતુ રંગમંચ પર રંગકર્મીઓને અનેક પાત્રો ભજવવાં પડે છે, વ્યક્તિ મટીને બીજા પાત્રમાં પરકાયા પ્રવેશ કરવો પડે છે. બીજા પાત્રને જીવંત કરવું પડે છે, તેમાં તેની કાબેલિયત પ્રગટ થાય છે.

આવા જ એક રંગકર્મી - પ્રેમાળ અને સેવાભાવી વ્યક્તિત્વના માલિક એટલે શ્રી હસમુખ મેકવાન. ખેડા જિલ્લાના ચાંગાના વતની હસમુખભાઈનો જન્મ ૧૯૫૬માં અમદાવાદમાં અને ત્યાંની જ સેન્ટ જોસેફ સ્કૂલમાં અભ્યાસ. પિતા ઈમાનુએલ અને સમગ્ર પરિવાર પ્રેમધર્મી કેથલીક. ધર્મસભામાં સામાજિક નાટકોમાં પિતાનો અભિનય પ્રભાવક રહેતો. પિતાજીનો અભિનય વારસો, આસ્થા અને આનંદ હસમુખભાઈની નસ નસમાં વહેવા લાગ્યો. અમદાવાદ કૉલેજમાંથી મુખ્ય વિષય અંગ્રેજી સાથે બીએ થયા. આમ શાળા કૉલેજકાળથી જ હસમુકભાઈ નાટ્યપ્રવૃત્તિમાં પણ સક્રિય રીતે જોડાઈ ગયા. ૧૯૭૯માં સરકારી નૉકરી મળતાં ૧૯૮૦થી હસમુખભાઈ ગાંધીનગર આવી વસ્યા અને ત્યાં શ્રી ભરત રાવલ, જશવંત ચૌહાણ અને નિરંજન શાહ સ્થાપિત અને નાટ્યક્ષેત્રે પ્રવૃત્ત એવી તેઓના 'અમર'ના પાત્રને શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મળ્યું. આ ઉપરાંત માહિતી ખાતા તરફથી પ્રૌઢ શિક્ષણ, સોળ મુદ્રા વિ. વિષયો પર ગામડે ગામડે જઈને નાટકો ભજવ્યાં અને સરાહના પ્રાપ્ત કરી. આ બધાં જ નાટકોમાં હસમુખભાઈ અને મિત્રો - શિરીષ આચાર્ય, હરેશ ભટ્ટ, સ્વ. મીનાબેન ભટ્ટ, મોરલી પટેલ, હીના ઉપાધ્યાય, અભિજ્ઞા મહેતા, ઉદય બ્રહ્મભટ્ટ, ગુંજન વૉરા, વર્ષાબેન ઠક્કર, પ્રાંજલ ભટ્ટ, કુંપલ દવે સાથે અભિનયનાં અજવાળાં પાથર્યાં.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા યોજાતી ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા, ૨૦૦૯માં ભરત વ્યાસ લિખિત અને દિગ્દર્શિત નાટક 'મા-બાપને ભૂલશો નહીં'માં શ્રેષ્ઠ અભિનેતાનો ઍવોર્ડ હસમુખભાઈને પ્રાપ્ત થયો. જે ખરેખર અભિનંદનીય છે. આ નાટકનો તલોદ ખાતે હાલમાં જ ૪૮મો શો સંપન્ન થયો. આમ હસમુખભાઈ તખ્તાના ખરા રંગકર્મી અને મર્મી તરીકે શ્રેષ્ઠ પ્રદાન આપતા રહ્યા છે.

રંગભૂમિની સાથે સાથે હસમુખભાઈએ ટીવી સિરીયલ, ટીવી નાટકો, ટૅલિ ફિલ્મ, ડૉક્યુમેન્ટરી ફિલ્મ, ક્વિકી જાહેરાતો વિ.માં અભિનય આપીને પોતાની જીવંતતાનો પુરાવો આપ્યો છે. ટીવી ક્ષેત્રે શ્રી જિતેન્દ્ર ઠક્કરે તેમની આંગળી પકડીને ઉડાન ભરાવી છે

કેફિયત કલા સાધકની

- આશા સરૈયા

મધુવન સંસ્થામાં જોડાયા.

મધુવન સંસ્થા દ્વારા દર રક્ષાબંધનના દિવસે યોજાતી એકપાત્રીય અભિનય સ્પર્ધામાં હસમુખભાઈએ ભાગ લઈને પ્રથમ ક્રમે વિજેતા થઈને અભિનય ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરવાની શરૂઆત કરી. અભિનયની સાથે સાથે સને ૧૯૮૩માં મધુવન સંસ્થા દ્વારા યુથ ફેસ્ટીવલમાં રજૂ થયેલ સંકેત નાટકનું દિગ્દર્શન કરીને આ ક્ષેત્રે પણ પદાર્પણ કર્યું. એટલું જ નહીં, સંકેત નાટકે સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને નવા દિગ્દર્શકને ગૌરવ અપાવ્યું.

૧૯૮૬માં જાણીતા નાટ્યવિદ શ્રી પ્રકાશ લાલાના સંપર્કમાં આવ્યા અને પોતાના પ્રથમ કલાગુરૂ પ્રકાશભાઈના દિગ્દર્શનમાં 'પત્તાંની જોડ' ત્રિઅંકી નાટકમાં 'તિમીર'નો કૉમેડી રોલ ભજવ્યો, જે આજે પણ હસમુખભાઈની ઓળખ બની રહી છે. પત્તાંની જોડની અભૂતપૂર્વ સફળતા બાદ અનેક નાટકોમાં હસમુખભાઈએ કૅરેક્ટર રોલ ભજવીને પોતાની કાબેલિયત પ્રસ્થાપિત કરી. આ ઉપરાંત 'ઉપલો માળ ખાલી છે' નાટકમાં સફળતાપૂર્વક ડબલ રોલ ભજવીને અભિનય ક્ષેત્રે હસમુખભાઈએ એક વધુ સોપાન સર કર્યું.

ગાંધીનગરના ચિલ્ડ્રન્સ થિએટર - શિશુ કલા કેન્દ્રમાં સ્વ. શ્રી હરીશ રાવલ સાથે રહીને અનેક બાળ નાટકોનું નિર્માણ કર્યું અને સફળતાપૂર્વક ભજવ્યા. આ નાટકોમાં 'મિની અદાલત', 'ના મારે પંખી નથી થવું', વિ. મુખ્ય ચે. સેક્ટર-૨૯માં ચાલતી લોકપ્રિય સંસ્થા બાલ્કન જી બારીમાં પણ બાળ નાટકો અને બાળ કાર્યક્રમોનું હસમુખભાઈએ આયોજન કર્યું. આમ, ગાંધીનગરમાં હસમુખભાઈએ આ ક્ષેત્રે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરતા ગયા.

અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં ૧૯૮૫થી શરૂ કરીને ગુજરાત સચિવાલય ગ્રૂપ તરફથી અને શ્રી પ્રકાશ લાલાના નેતૃત્વ હેઠળ રજૂ થયેલ સ્પર્ધાત્મક નાટકોમાં હસમુખભાઈએ સક્રિય રીતે ભાગ લીધો અને અનેક ત્રિઅંકી અને એકાંકી નાટકો ભજવ્યાં. ૨૦૦૩માં રજૂ કરેલ નાટક 'રમી લો ને યાર'માં તેમ હસમુખભાઈનું દ્રઢપણે માનવું છે. સરપ્રાઈઝ, તૃષ્ણા, વાનરસેના, તુલસી ક્યારો, બંધન, આશાદીપ વિ. ૨૫ જેટલી ટીવી સિરીયલોમાં હસમુખભાઈએ અભિનય આપ્યો છે. જેમાંની 'એક ડાળનાં પંખી'માં 'હીરાકાકા'ના પાત્રનો અભિનય મોંફાટ વખણાયો છે.

નાટ્યકલા, રંગભૂમિ ક્ષેત્રે હસમુખભાઈના વિશેષ યોગદાન બદલ અવસર, ગાંધીનગર, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત નૉટિફાઈડ એરીયાની કચેરી દ્વારા અને ગુજરાત કેથલિક સમાજ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અભિનેતા અને દિગ્દર્શક એવા હસમુખભાઈએ અનેક નાટકો પણ લખ્યાં છે, જે દૂરદર્શન અને આકાશવાણી પરથી વખતોવખત પ્રસારિત થાય છે. ધર્મગુરુ બની સંસારને પ્રેમનો સંદેશો આપવાની ઈચ્છા ધરાવતા હસમુખભાઈએ ઈસુના જીવન ઉપર અનેક નાટકો લખ્યાં છે. જે 'પાવન હૃદય દૂત' મેગેઝીનના અંકોમાં છપાય છે અને તહેવારો ઉપર ગાંધીનગરના કલાકારો દ્વારા ભજવાય છે. ગાંધીનગરની જાણીતા સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશનમાં વર્ષોથી સેવા આપતા હસમુખભાઈની આંખો કડકડતી ઠંડીમાં મોડી રાત્રે ગરીબોને ધાબળા ઓઢાડતાં કરૂણાથી દ્રવી ઊઠે છે. તો સેક્ટર-૧ ઉની શ્રમજીવી વસાહતનાં બાળકોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરાવતાં આ જ આંખો પ્રેમથી છલકાઈ જાય છે. જ્યારે રક્તપિત્તના દર્દીઓને ડ્રેસીંગ, મેક-અપ કરીને નાટકો કરાવતા આ અદના આદમીને સૉ સૉ સલામ છે.

હસમુખભાઈનાં પ્રેમાળ પત્ની ભાવનાબેન અને પુત્રો ડૉ. કલ્પેશ અને નીરવ 'સ્નેહ' (ઘરનું નામ)માં વિહરે છે અને તેમના દરેક કાર્યમાં સ્નેહપૂર્વક સહકાર આપે છે.

હસમુખભાઈની કલાયાત્રામાં તેઓએ ૨૫ ત્રિઅંકી, ૧૮ એકાંકી, ૨૫ ટીવી સિરીયલ, ટૅલિફિલ્મ વિ.માં અભિનયનાં અજવાળાં પાથર્યાં છે. તેઓ માને છે કે ઈશ્વરે વગર પૈસે જે આપ્યું છે તે વહેંચવું જોઈએ માટે જ સદાય પ્રવૃત્ત રહેતા હસમુખભાઈ સિદ્ધિનાં અનેક શિખરો સર કરે અને ધ્યેય પ્રાપ્ત કરે એ જ શુભેચ્છાઓ.

ગ્રીષ્મોત્સવ - ૨૦૧૨ : નગરના કલારસિકો માટે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'નું યાદગાર નજરાણું બની રહ્યો

ઑલ ટાઈમ હીટ ફિલ્મી ગીતો સાથે લાઈવ સિંગીંગ, વિડીયો ક્લિપ્સ અને ડાન્સનો સુંદર સમન્વય એટલે આવાઝ કી દુનિયા : રામ-રાવણ યુધ્ધ ઑન વ્હીલ્સ, દુર્ગા ઑન વ્હીલ્સ, તલવારબાજી ઑન વ્હીલ્સ, ભાંગડા અને ભરતનાટ્યમ્ ઑન વ્હીલ્સ : ફિઝીકલી સ્પેશિયલ બાળકોનો વ્હીલચેર પરના જોમ-જુસ્સાભર્યા કાર્યક્રમે બધાંને આશ્ચર્યચકિત કર્યા : હિન્દી ફિલ્મોની ટોચની પ્લેબેક સીંગર કવિતા કિષ્ણમૂર્તિના લાઈવ પરફોર્મન્સે ગ્રીષ્મોત્સવ-૨૦૧૨ને ચાર ચાંદ લગાવ્યા

ગરમી, ગુલમહોર અને ગરમાળો - ઉનાળાના ગાંધીનગરની આ ઓળખાણ અને આકર્ષણોમાં હવે 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના 'ગ્રીષ્મોત્સવ'નો પણ ઉમેરો કરવો પડે એવી પ્રતિષ્ઠા અને લોકચાહના પ્રસ્થાપિત કરી છે 'ફોરમ'ના દર વર્ષે મે માસમાં યોજાતા ગીત-સંગીત, નૃત્ય, અભિનયના સુંદર સમન્વય સમા ત્રિદિવસીય ગ્રીષ્મોત્સવે...

નગરની જ નહીં, હવે તો ગુજરાતની પ્રથમ પંક્તિની કલા સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' એ તેની ૧૭વર્ષની પરંપરાનુસાર ૧૮મા વર્ષના મંગળ પ્રારંભે - નવા વર્ષના પ્રતમ કાર્યક્રમ તરીકે 'ગ્રીષ્મોત્સવ-૨૦૧૨'નું શાનદાર આયોજન કર્યું. તા. ૧૮, ૧૯ અને ૨૦ મે દરમિયાન એક એકથી ઉત્કૃષ્ટ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કાર્યક્રમો પ્રસ્તુત કરીને પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

આ ત્રણ કાર્યક્રમો એટલે મહારાષ્ટ્રના 'ચૌરંગ' ગ્રૂપનો ફિલ્મી ગીતોનો અનોખા અંદાજનો, નાના-મોટા સૌને મનોરંજન આપતો સદાબહાર અને દેશભરમાં ધૂમ મચાવનાર કાર્યક્રમ 'આવાઝ કી દુનિયા'... એવો જ બીજો કાર્યક્રમ હતો 'ઍબિલિટી અનલિમિટેડ ફાઉન્ડેશન, દિલ્હી' નિર્મિત ફિઝીકલી સ્પેશિયલ બાળકોની વિશિષ્ઠ-અમાપ શક્તિઓ-ખૂબીઓનો પરિચય કરાવતો નૃત્ય, અભિનય મઢી બેનમૂન પ્રસ્તુતિ... અને ત્રીજો કાર્યક્રમ હતો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની ટોચની પ્લેબેક સીંગર સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિનાં ગીતોની સુરીલી મહેફિલ...

ગ્રીષ્મોત્સવ-૨૦૧૨ના આ ત્રણેય કાર્યક્રમો એની ખ્યાતિ, ગુણવત્તા અને વિવિધતાની દ્રષ્ટિએ ગાંધીનગરના કલાપ્રિય-કદરદાન પ્રેક્ષકો માટે 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું અમૂલ્ય ચિરકાળ સ્મરણીય નજરાણું બની રહ્યા એમાં બેમત નથી.

ઈન્ફોસિટી કલબ ઍન્ડ રિસોર્ટની હૉસ્પિટાલિટી પાર્ટનરશીપ સાથે તેની વિશાળ લીલીછમ્મ લોનમાં ઊભા કરાયેલા ભવ્ય રંગમંચ ઉપરથી તા. ૧૮મીએ રાત્રે નૃત્ય, નાટ્ય, ગીત, સંગીત ક્ષેત્રની ગુજરાતના ગૌરવ સમી વિશિષ્ઠ હસ્તીઓ પદ્મશ્રી મલ્લિકા સારાભાઈ, સ્ટેજ-ટીવી અને ફિલ્મનાં ચરિત્ર અભિનેત્રી ચારૂબેન પટેલ તથા 'વૉઇસ ઑફ મહંમદ રફી' ફેઇમ ગાયક બંકિમ પાઠકના હસ્તે મંગલ દીપ પ્રાગટ્ય સાથે આરંભાયો રંગારંગ ગ્રીષ્મોત્સવ-૨૦૧૨.

એ રાત્રે - ગ્રીષ્મોત્સવની પ્રથમ રાત્રિએ પ્રેક્ષકોએ મન ભરીને માણ્યો 'ચૌરંગ'નો કાર્યક્રમ 'આવાઝ કી દુનિયા.' શ્રી અશોક હાંડે અને તેમના ગાયક-વાદ્ય વૃંદે, હિન્દી ફિલ્મોના ૧૦૦ વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં, સદાબહાર-ઑલ ટાઈમ હીટ, જુદા જુદા મૂડ અને ભાવનાં, અલગ અલગ પ્રસંગોનાં-ઉત્સવો અને સિચ્યુએશન્સનાં ગણ્યાં ગાંઠ્યા જ નહીં એટલાં બધાં ફિલ્મી ગીતોથી ઓછી મનભાવન સૂરીલી સરગમ છેડી કે થાય સાંભળ્યા જ કરીએ... અરે, આ કાર્યક્રમના સાક્ષી સંગીત રસિકોના કાનમાં એ સૂર ને સ્વરો હજી ગૂંજી રહ્યા છે ને તેમના માનસ પટલ પરથી હજુ ખસતાં નથી !

આમાં પ્રાર્થના-ભજન હતાં, પ્રણગીતો હતાં, મુજરો ને કવાલી હતાં, દેશભક્તિની રચનાઓ હતી, ગંભીર અને હળવા મૂડનાં ગીતોય હતાં અને પ્રેક્ષકોના જન્મ પહેલાંની ફિલ્મોથી લઈને આજથી ફિલ્મોનાં ગીતોની એવી તો કસબભરી ગૂંથણી કરાઈ હતી કે ગીતોની ગાયિકીની સરાહના કરવી કે એન્કર-કમ-ગાયક અશોક હાન્ડેજીની, ફટાફટ ને છતાંય રસપ્રદ, જકડી રાખનારી, કાર્યક્રમને આગળ વધારતી ને એ ગીતોને બખૂબી લીંક કરતી ઉદ્‌ઘોષણાને બિરદાવવી એ મીઠી મૂંઝવણ અનુભવાતી હતી.

'આવાઝ કી દુનિયા' કાર્યક્રમની વિશિષ્ટતા એના સૂરીલા, સાહજિક, હસતા-રમતા લાઈવ ગાયક-ગાયિકાઓ તો ખરા જ પણ બે ગીતો વચ્ચે જરા પણ એટલે સેકન્ડ્ઝનો પણ ન થતો વિલંબ. જાણે કે સીડી કે વીસીડી સાંભળતા-જોતા હોઈએ એવી ચોટદાર રજૂઆત પણ હતી.

સૂરૈયા, ગીતા દત્ત, લતાજી, આશા, સાયકલ, તલત, મુકેશ, મહંમદ રફી, કિશોર કુમાર એમ જૂના ધૂરંધર ગાયકોથી માંડીને આજના ગાયકોનાં ગીતો હતાં તો લાઈવ સિંગીંગ - જે તે ફિલ્મ કે ગીતને અનુરૂપ વિડીયો ક્લિપ્સ તથા ડાન્સનો સુંદર સમન્વય અહીં સધાતો હતો ને તેથી 'આવાઝ કી દુનિયા'નો થીમ બેઈઝ્ડ ફિલ્મી ગીતોનો કાર્યક્રમ કર્ણપ્રિય - પ્રેક્ષણીય અને યાદગાર બની રહ્યો. એટલું જ નહીં, પ્રત્યેક ગીત સાંભળતાં વર્ષો પૂર્વે ફિલ્મમાં જોયેલ દ્રશ્યો નજર સમક્ષ ઊભરાવા માંડતાં હતા એવી હૃદયસ્પર્શી રજૂઆત હતી.

ગીતના મૂડ મુજબ ગાયકોનું વસ્ત્ર પરિધાન, કવ્વાલીમાં ગાયકો જ નહીં, વાદ્યકારો પણ માથે ટોપીમાં ક્યારે સજ્જ થઈ ગયા તેનીય ખબર ન પડે તેવી સ્ફૂર્તિથી પ્રેક્ષકોને સાશ્ચર્ય મનોરંજન પિરસતાં હતાં તો પ્રાચીન ભારત, કૃષિ પ્રધાન ભારત, ભવ્ય ભારત, આઝાદી માટે જંગ કરતા ભારતથી લઈને આજે પશ્ચિમી સંસ્કૃતિની અસર હેઠળ બદલાયેલો દેશ અને યુવા વર્ગ - આ બધી બાબતોને સુંદર રીતે સાંકળી લઈ ગીતો-વિડીયો ને નૃત્યના સહારે કહેતાં કહેતાં આજની પરિસ્થિતિ માટે ચિંતા વ્યક્ત કરતો આ કાર્યક્રમ સાચે જ મનોરંજન સાથે મૅસેજ આપનારો બની રહ્યો... પ્રત્યેક ગીતને જે રીતે પ્રેક્ષકો મન મૂકીને દાદ દેતા હતા તે જોઈને કલાકારોનો ય ઉત્સાહ વધતો હતો... આ પણ એક નવી જુગલબંધી જોવા મળી ગ્રીષ્મોત્સવમાં !!

તો બીજા દિવસનો ઍબિલિટી અનલિમિટેડ ફાઉન્ડેશનનો, ફિઝીકલી સ્પેશિયલ બાળકો દ્વારા વ્હીલચેર્સ અને કાખઘોડીના સહારે, મૂંગી-બહેરી બાળાઓના સથવારે સ્ટેજ પર રામાયણનાં દ્રશ્યો ને રામ-રાવણનું યુદ્ધ, મા દુર્ગા દ્વારા મહિષાસૂર મર્દનનું દ્રશ્ય, ભરતનાટ્યમ્, મૌલા મેરા મૌલા એ સૂફી ગીતની અભિનય રજૂઆત, ભગવદ્ ગીતા ઑન વ્હીલ્સ, ભાંગડા ઑન વ્હીલ્સ જેવી વૈવિધ્યપૂર્ણ દસ કૃતિઓ જે સ્ફૂર્તિ, જુસ્સા ને વેગથી પ્રસ્તુત કરી કે ક્યારેક લડતાં લડતાં સ્ટેજની ધાર પર આવી જતી વ્હીલ ચૅર જોઈ પ્રેક્ષકોના શ્વાસ અધ્ધર થઈ જતા તો ક્યારેક વ્હીલચૅર પરથી નીચે પડી જતા ને પાછા બૅલેન્સ જાળવી તેમાં ગોઠવાઈ જતા આ વિશિષ્ટ બાળકોની કાબેલિયત નિહાળી દંગ રહી જવાતું હતું. વ્હીલચૅર્સ પર જ ભરતનાટ્યમની વિવિધ મુદ્રાઓ બનાવવી, તલવારબાજી ખેલવી, યુધ્ધ ખેલવાં એ આપણા જેવા 'સક્ષમ' માણસો માટે પણ અઘરું બને ત્યારે આવાં વિશિષ્ટ બાળકો હતા પણ એમણે એમની વિશિષ્ટતાને બાજુએ મૂકી ગજબના આત્મવિશ્વાસ, કાબેલિયત અને જોમ-જુસ્સાભરી કલાનાં દર્શન કરાવ્યાં કે એમને સૉ સૉ સલામ કરવાનું મન થાય... એ બાળકોની કળા ને ક્ષમતા, તેમની વર્ષોની સાધના ને રિયાધ તો પ્રશંસનીય છે જ પણ એમને આ માટે માર્ગદર્શન આપનાર, એમનામાં આત્મવિશ્વાસ પેદા કરનાર, કૉરિયોગ્રાફી શીખવનાર 'ગુરુજી' સૈયદ સલાલુદ્દીન પાશાની જહેમત, લગન અને આ વિશિષ્ટ ક્ષેત્રમાં કામ કરવાની હિંમતને પણ સલામ ભરવી જ પડે.

આ વિશિષ્ટ વ્યક્તિઓની પ્રસ્તુતિએ પ્રેક્ષકોમાં રોમાંચ અને સંવેદનાઓ પ્રગટાવી અને ભારે દાદ મેળવી હતી.

'ગાંધીનગર કલ્ચરલ ફોરમે' અગાઉ હિન્દી ફિલ્મોની સુપ્રસિદ્ધ પાર્શ્વગાયિકાઓ અલકા યાજ્ઞિક અને અનુરાધા પોંડવાલને ગાંધીનગરના સંગીત રસિકો સમક્ષ અંતિમ ચરણમાં એવી જ એક ખ્યાતનામ ટોચની પ્લેબેક સીંગર સુશ્રી કવિતા ક્રિષ્નમૂર્તિને લાવીને તો કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા.

ગાંધીનગરના પ્રેક્ષકો માટે સહજ ખુલતી નહીં એવી આ કલાકારા કવિતાજીને રૂબરૂ-પ્રત્યક્ષ સાંભળવાનો લ્વાહો અનેરો હતો તો સાડા પાંચ હજાર કદરદાન પ્રેક્ષકો સમક્ષ ગાવાનો કવિતાજીનો ઉત્સાહ પણ ઓછો ન હતો. ને તેથી જ પ્રારંભે સાથી મેઈલ વૉઈસ - ઈન્ડિયન આઈડૉલ કૉન્સર્ટના ટૉપ ટૅનમાં રહેલા કલાકાર વિશાલ કોઠારી તથા એવા જ બીજા ગાયક સોનુ મોરવાલની ત્રણ ત્રણ સરસ પ્રસ્તુતિ દ્વારા બંધાયેલા માહૌલમાં સ્ટેજ પર આવીને જ્યારે કવિતાજીએ લક્ષ્મીકાન્ત પ્યારેલાલજીના સંગીતમાં ફિલ્મ 'ભૈરવી' માટે ગાયેલ ઈશ્વર સ્તુતિના ક્લાસિકલ ગીત 'ઓમ નમો શિવાય' સાથે એમના સુરીલા કંઠનાં કામણ પાથરવાનું શરૂ કર્યું ને પછી તો 'મૈં હું હવા હવાઈ' પ્રકારનું વૅસ્ટર્ન સ્ટાઈલનું સૉંગ હોય કે ફિલ્મ 'લવ સ્ટોરી-૧૯૪૨'નું મીઠું ગીત હોય... કવિતાજી ખીલતાં જ ચાલ્યાં ને પહેલા સ્પેલમાં એક પછી એક દસ ગીતોની એવી રસલ્હાણ કરી દીધી કે પ્રેક્ષકો ઝૂમી ઊઠ્યા. એમણે 'સોલો,' ડ્યુએટ ગાતાં, નોન ફિલ્મી ગુજરાતી આલ્બમનું ગૌરાંગ વ્યાસે સંગીતબધ્ધ કરેલ ગીત પણ ગાયું ને 'મૈં મેરા ઈન્ડિયા' પણ ગાયું... કહોને કે પ્રેક્ષકોની દાદ-પ્રસન્નતા જોઈ એમણે મન મૂકીને ગાયું ને છેલ્લે 'મેડલી'માંય છ-સાત ગીતોની રમઝટ રેલાવી દીધી હતી... એમને સંગીતમાં સાથ આપ્યો હતો દિલ્હીના સરગમ બૅન્ડના રાજેશ મિશ્રા અને સાથીઓએ...

સુશ્રી કવિતા ક્રિષ્નમૂર્તિની સૂરીલી મહેફિલ સાથે સંપન્ન થયેલા ગ્રીષ્મોત્સવ-૨૦૧૨ યાદગાર બની રહ્યો. આવા ઊંચા ગજાના વિખ્યાત કલાકારો, વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો અને સુંદર આયોજનસભર ગ્રીષ્મોત્સવ-૨૦૧૨ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમને અભિનંદન.

ટ હૂ કા ર

- પ્રકાશ લાલા